## ચૂંટણી ચોતરેથી

● રાજયમાં કુલ ૧૭૦૩ ઉમેદવારી પત્રો ભરાયા.

● દ્વારકા બેઠક પરના ભાજપના પબુભા માણેકે કે તેમના ડમી નિલેશ માણેકે ફોર્મમાં તેઓ કઈ બેઠક પરથી લડવાના છે તે જણાવ્યું નથી.

● રાહુલ ગાંધી આવતીકાલે પોરબંદર આવશે અને સમુદ્રકિમારે માછીમારો સાથે સંવાદ કરશે.

● ઓલ ઈન્ડિયા મિડીયા કાઉન્સીલના રાષ્ટ્રીય પ્રમુખ જ્ઞાનેન્દુ વિશ્વકર્માએ અમરાઈવાડી બેઠક પર અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● પંજાબથી બીએસએફની ૧૧ કંપનીઓ ખાસ ટ્રેન દ્વારા જામનગર પહોંચી.

● સંસદીય સચિવ શામજી ચૌહાણે સરકારના અને ભાજપના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યું છે.

● કચ્છના ભાજપના ઉમેદવાર નીમાબેન આચાર્ય એ ઉંમરના ખાનામાં ૭૧ના બદલે ૬૯ દર્શાવતા કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો.

● સૂરતમાં ભાજપના ધારાસભ્ય હર્ષ સંઘવી અને કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલય બહાર ચા વેચી ગાંધીગીરી કરી હતી.

● ઈન્દ્રનીલ રાજયગુરુના ઉમેદવારી પત્ર સામે ભાજપની વાંધા અરજીથી રાજકોટનું વાતાવરણ ગરમાયું હતું અને સેંકડો કાર્યકરો કલેકટર ઓફિસ ધસી આવ્યા હતા.

● જનવિકલ્પ મોરચાએ તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો છે. સંયોજક શંકરસિંહ વાઘેલાએ બેરોજગારી અને ખેડૂતોના પ્રશ્નોને મહત્વ આપ્યું છે.

# જનતા અમારી હાઈકમાન્ડ હશે : શંકરસિંહ વાઘેલા

### ચૂંટણી ઢંઢેરો નહી પણ જન વિકલ્પે પ્રજા કાર્યો માટે સંકલ્પ લીધો : ભાજપ અને કોંગ્રેસ ઉપર વાઘેલાના આકરા પ્રહારો

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ આજે જનવિકલ્પ મોરચાના સંયોજક શંકરસિંહ વાઘેલાએ આજે મહત્વની જાહેરાત કરી પોતાની પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. જો કે, બાપુએ સ્પષ્ટતા કરી હતી કે, અમે આને ચૂંટણી ઢંઢેરા નહી કહીએ પરંતુ સંકલ્પ કહીએ છીએ. અમે પ્રજાના કાર્યો કરવાનો સંકલ્પ લઈએ છીએ કારણે ભાજપ-કોંગ્રેસ જેવા પક્ષો ચૂંટણી ટાણે વાયદાનો વેપાર કરે છે અને ગુજરાતની પ્રજાને છેતરે છે પરતં અમે આ રીતે જનતાને છેતરવા માંગતા નથી. અમારી સરકાર આવશે એટલે ગુજરાતની જનતાના કાર્યો કરવા અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવું એ જ અમારો એકમાત્ર ધ્યેય હશે. ગુજરાતની જનતા અમારી હાઈકમાન્ડ અને સરકાર જનતાની હશે. બાપુએ જન વિકલ્પ મોરચાના



ચૂંટણી સંબંધી નવતર પ્રયોગની પણ જાહેરાત કરી હતી કે, તેમનો મોરચો તેમના એકપણ ઉમેદવારને ચૂંટણીલક્ષી ખર્ચ આપ્યો નથી અને આપવાનો નથી. ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં પૈસા વગર ચૂંટણી લડવાનો આ સૌથી પહેલો નવતર પ્રયોગ છે. જન વિકલ્પ મોરચાના સંયોજક શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ટિકિટોના કકળાટને લઈ કાર્યકરો અને આગેવાનો વચ્ચે મારામારી-ગાળાગાળીના દ્રશ્યો સર્જાય છે અને પ્રદેશ કોંગ્રેસને કચેરીનો વીમો ઉતરાવવો પડે છે, તો બીજીબાજુ, શાસક પક્ષ ભાજપને બીએસએફની મદદ માંગવી પડે છે..આ કયા પ્રકારની લોકશાહી છે અને ચૂંટણીટાણે આ બધું શું ચાલી રહ્યું છે. જનતાએ આવા લોકોને સમજવા પડશે. જો આવા લોકોના હાથમાં સત્તા જશે તો તેમનું શું થશે? શું ગુજરાતમાં મસલ પાવર અને મની પાવરનું શાસન હશે? ભાજપ અને કોંગ્રેસ પક્ષ ચૂંટણી ઢંઢેરો જાહેર કરી પ્રજા સાથે દગો કરી રહી છે કારણ કે, તેઓ લોકોને કરેલા વાયદાઓ પાળતા નથી અને ચૂંટણી પછી તે ભૂલી જાય છે. આ લોકો વાયદાનો વેપાર કરે છે. જન વિકલ્પ મોરચાની આવી માનસિકતા નથી. તેમણે નોટબંધી અને જીએસટીને લઈ મોદી સરકાર પર પ્રહાર કર્યા હતા કે, નોટબંધી અને જીએસટીના કારણે લોકો મરી ગયા. કાયદા લોકોની રક્ષા માટે નહી કે, તેઓને મારવા માટે.




આજે ગુજરાતમાં ૪૦ લાખ લોકો બેરોજગાર છે.

ખેડૂતોમાં મગફળી અને કપાસના ટેકાના ભાવોના મુદ્દે અસંતોષ અને રોષની લાગણી ફેલાયેલી છે પરંતુ હું ખેડૂતોને કહેવા માંગુ છું કે, તેઓ એક મહિનો રાહ જુએ અને ગોડાઉનમાં તેમના પાકને સંગ્રહી રાખે અમારી સરકાર આવશે તો તેમને ભાડુ આપશે અને પછી સારા ભાવે તેમના આ પાકો ખરીદશે. આજની જાહેરાત દરમ્યાન શંકરસિહ વાઘેલાની સાથે જન વિકલ્પ મોરચાના પ્રવકતા પાર્થેશ પટેલ, ઉપપ્રમુખ યજ્ઞેશ દવે સહિતના આગેવાનો ખાસ હાજર રહ્યા હતા.

## કોંગ્રેસ દ્વારા તૈયાર કરાયેલી અનામતની ફોર્મ્યુલા પાસે સ્વીકારી : કપિલ સિબ્બલ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પડઘમ વચ્ચે ભાજપે અત્યાર સુધી ૧૩૨ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જ્યારે કોંગ્રેસે ૮૯ ઉમેદવારો જાહેર કર્યા છે. તો છેલ્લા કેટલાક દિવસથી પ્રયાસો કરી રહેલી કોંગ્રેસ પોતાની વ્યૂહરચનામાં શ્રેષ્ઠ સાબિત થઈ રહીં હોય તેવું લાગી રહ્યું છે. અનામત અંગે કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે તૈયાર કરેલી ફોર્મ્યુલા પાટીદાર અનામત આંદોલન સમિતિએ સ્વીકારી લીધી છે. પાટીદાર અનામત આંદોલન સમિતિએ કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે તૈયાર કરેલી અનામત ફોર્મ્યુલા સ્વીકારી છે. આ મુદ્દે કપિલ સિબ્બલે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, હાર્દિકે તેના સમાજના અવાજ તરીકે અનામતની ફોર્મ્યુલા જણાવી હતી. તેના પર કાયદાકીય વિચાર કરીને જે બનતું હશે તે અમે કરવાના છીએ અને ગુજરાતમાં કોંગ્રેસની જીત નિશ્ચિત છે.



## માંડવી અને ભૂજમાં ચકાસણી સમયે ભાજપ-કોંગ્રેસ આમને-સામને

રાજકીય પાર્ટીઓ સભાઓ ગજવીને એકબીજા પર આરોપ પ્રત્યારોપ લગાવતી જ હોય છે, પરંતુ હવે ઉમેદવારી પત્ર ભરવાના મુદ્દે પણ એકબીજાની ખામીઓ શોધવાનું ચૂકતી નથી. આવી જ કંઈક ઘટના સામે આવી છે. કચ્છ જિલ્લામાં માંડવી વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલના ઉમેદવારી ફોર્મમાં ક્ષતિ હોવાનો આક્ષેપ ભાજપના ઉમેદવાર વિરેન્દ્રસિંહ જાડેજાએ કર્યો હતો અને ચૂંટણી પંચ સમક્ષ આ ફોર્મ રદ કરવાની માંગણી કરી હતી. આ બાબતે ચૂંટણી પંચ અને ઓબસ્ઝર્વરની બેઠક યોજાઈ હતી.



તો સામે પક્ષે ભાજપના ભૂજના ઉમેદવાર નિમાબહેન આચાર્યએ જે ફોર્મ ભર્યું છે, તેમાં પણ ઉંમર અને એફિડેવિટના મુદ્દે કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો છે. આ અંગે કોંગ્રેસના ઉમેદવાર આદમ ચાકીએ પત્રકાર પરિષદ પણ બોલાવી હતી. તો રાજકોટમાં નીતિન ભારદ્વાજની વાંધા અરજી ફગાવતા કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજયગુરૂનું ફોર્મ માન્ય રાખવામાં આવ્યું છે. જો કે, ૬૮ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અરવિંદ રૈયાણીના નામ બે જગ્યાએ મતદાર યાદીમાં હોવાથી કોંગ્રેસે પુરાવા સાથે કલેક્ટર કચેરીમાં રજૂઆત કરી છે.

## પ્રાંતિજ-તલોદની બેઠક પર ભાજપના ઉમેદવારે વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યુ

### આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ : ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૩૩ વિધાનસભાની બેઠક ઉપર ખાતે ખરાખરીનો જંગ જામ્યો છે. ભાજપ દ્વારા આ વર્ષે તલોદ તાલુકામાંથી ટીકીટ ફાળવવામાં



આવતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ દ્વારા હજુ મેન્ડેટ આપવામાં આવ્યો નથી પણ પ્રાંતિજથી મહેન્દ્રસિંહ બારૈયાની ટીકીટ પહેલેથી જ નકકી થઈ ગઈ છે અને કોંગ્રેસ દ્વારા મહેન્દ્રસિંહ બારૈયાનું નામ પણ માત્ર ઓપચારિકતા બાકી છે તો ભાજપ કોને મેન્ડેટ આપશે તેવી અટકળો વચ્ચે ઉમેદવારની જાહેરાત કરી દેતાં લોકોની આતુરતાનો અંત આવ્યો છે. ભાજપ દ્વારા આ વખતે નવયુવક ગજેન્દ્રસિંહ પરમારને ટીકીટ આપવામાં આવી છે. વિજય મૂહર્તમાં ભાજપ કાર્યકરો આગેવાનો તેમણા સમર્થકોની સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું હતુ.

પ્રાંતિજ-તલોદ વિધાનસભા ચૂંટણીને લઈને પ્રાંતિજ-તલોદ ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા આજે ૧૨.૩૯ વિજય મૃહર્તને લઈને પ્રાંતિજ ભાજપ કાર્યાલયથી પ્રાંન્ત કચેરી સુધી ભાજપ કાર્યકરો સમર્થકો તથા સગાસંબંધીઓ સાથે ફોર્મ ભરવામાં નિકળ્યાં હતાં અને પ્રાંતિજ તાલુકા કચેરીએ જઈને પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી તથા ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરીએ ફોર્મ સ્વીકાર્યું હતું. તો કોંગ્રેસ દ્વારા હજુ ઉમેદાવારોની યાદી જાહેર કરવામાં આવી નથી પણ આવનાર દિવસમાં ભાજપના ગજેન્દ્રસિંહ પરમાર સામે મહેન્દ્રસિંહ બારૈયા જ કોંગ્રેસના મેન્ડેટ ઉપરથી ફોર્મ ભરશે તેમાં કોઈ મતભેદ નથી.

## મોદી ગુજરાતનું રણ જીત્યા તો થશે, સાત રાજનૈતિક ફાયદા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અત્યાર સુધીના ચૂંટણીથી અલગ દેખાય રહી છે. આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીનુ રણ ગુજરાત માટે જ નહી પણ દેશની રાજનીતિ માટે એક લિટમસ ટેસ્ટ માનવામાં આવી રહ્યો છે. દેશના રાજકારણમાં ગુજરાત મૉડલને આદર્શ રૂપમાં સ્થાપિત કરનારા નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા અહી દાવ પર લાગી છે.. એ જ કારણ છે કે નરેન્દ્ર મોદી ગુજરાતમાં બીજેપીના રાજકારણની શતરંજની બાજી જાતે જ નક્કી કરી રહ્યા છે.

ગુજરાત પીએમ નરેન્દ્ર મોદીનુ ગૃહ રાજ્ય છે. મોદી ૧૩ વર્ષ સુધી ગુજરાતની સત્તાના સિંહાસન પર ઝસ્ના રૂપમાં વિરાજમાન રહ્યા છે. એ જ કારણ છે કે ચૂંટણી પરિણામ સીધી રીતે તેમના રાજકારણીય કદની અગ્નિ પરિક્ષા હશે.. આ ચૂંટણી જીએસટી અને નોબંધી પર પણ મોદી સરકારની સૌથી મોટી અગ્નિપરિક્ષા છે. આવામાં મોદી ગુજરાતના રણમાં છઠ્ઠીવાર જીત અપાવે છે અને તેમની સરકારનો હોંસલો બુલંદ થશે. બીજેપી ગુજરાતના રાજકારણીય યુદ્ધમાં વિજય કરાવે ચ હે તો નરેન્દ્ર મોદીને આ ૭ રાજનીતિક ફાયદા થશે.

**બ્રાંડ મોદીમાં વધશે વિશ્વાસ**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી છે પણ રાજ્ય વિધાનસભાના રાજકારણીય રણમાં બીજેપીનો ચેહરો નરેન્દ્ર મોદી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતમાં બીજેપી વિરુદ્ધ પાટીદાર,



દલિત સહિત ખેડૂત અને વેપારી રસ્તા પર ઉતરીને પોતાની નારાજગી જાહેર કરી ચુક્યા છે. તેનાથી બીજેપી બૈકફુટ પર જોવા મળી રહી હતી અને વિપક્ષ આ મુદ્દાને લઈને ઉતર્યુ છે. બીજેપી નરેન્દ્ર મોદીના ચેહરાના સહારે જીતની આશા લગાવી બેસ્યુ છે. આવામાં રાજ્ય વિધાનસભા ચૂંટણીના પરિણામને બીજેપીના પક્ષમાં આવે છે તો તેનાથી બ્રાંડ મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હજુ વધશે.

**૨૦૧૯ નો રસ્તો થશે આસાન**

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામની અસર ૨૦૧૯ના લોકસભા ચૂંટણી પર પણ પડશે. બીજેપી-કોંગ્રેસ બંને પાર્ટીઓ ગુજરાતના રસ્તે ૨૦૧૯ લોકસભા ચૂંટણીને સાધવાની કોશિશ કરી રહી છે. આવામાં નરેન્દ્ર મોદી ગુજરાતમાં બીજેપીને સારા માર્જીનથી જીતાડવામાં સફળ રહ્યા તો ૨૦૧૯માં તેમનો રસ્તો સહેલો બનશે.

**વિપક્ષ વિખારાશે**

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બીજેપીની જીતથી વિપક્ષને કરારો ઝટકો લાગશે. ગુજરાતની હારથી કોંગ્રેસ જ નહી પણ બીજેપી વિરોધી દળ વચ્ચે હતાશા ઉભી થશે. એટલુ જ નહી ગુજરાતમાં હારથી વિપક્ષી દળોની એકજુટતા વિખરાશે. ગુજરાતમાં કોંગ્રેસની હારથી તેના અનેક સહયોગી દળ તેનો સાથે છોડી પણ શકે છે. તેનાથી જ્યા એકબાજુ કોંગ્રેસ કમજોર થશે તો બીજી બાજુ બીજેપી મજબૂત થશે.

**૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીઓ પર અસર**

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામની અસર આવતા વર્ષેથનારા રાજ્યોના વિધાનસભા ચૂંટણીમાં પડશે. આવતા વર્ષે અનેક મુખ્ય રાજ્યોમાં ચૂંટણી થવાની છે. તેમા મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને કર્ણાટક તેમજ ઓડિશા જેવા રાજ્યનો સમાવેશ છે. બીજેપી ગુજરાત વિધાનસભા ચૂંટણી જીતના પરિણામોને આ રાજ્યોના ચૂંટણીમાં બીજેપી માટે ફાયદો અપાવશે.

**મોદી-શાહનુ વર્ચસ્વ વધશે**

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બીજેપીને જીત મળે છે તો પાર્ટીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમિત શાહનુ રાજનીતિક વર્ચસ્વ વધસે. મોદી શાહ વિરુદ્ધ પાર્ટીમાં કોઈપણ પગલા પર પાર્ટીના નેતા સવાલ કરતા બચશે. જો કે વર્તમાન સમયમાં પણ પાર્ટીમાં મોદી શાહનુ વર્ચસ્વ કાયમ છે.. પણ ગુજરાતની જીત વધુ તાકત આપશે.

**ગુજરાત મોડલના આલોચકોને કરારો જવાબ**

ગુજરત વિકાસ મોડલ પર સતત સવાલ વિપક્ષી દળ ઉઠાવી રહ્યો છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીના બિગુલ વાગતા પહેલા જ કોંગ્રેસ વિકાસ પાગલ થઈ ગયો છે નુ સ્લોગન આપ્યુ હતુ. જે સીધે સીધો ગુજરાતના વિકાસ મૉડલ પર હુમલો હતો. એટલુ જ નહી કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી બીજેપીને ઘેરવા માટે ગુજરાત વિકાસ મૉડલ પર સવાલ ઉભા કરી રહ્યુ છે. ગુજરાતમાં બીજેપી જીતે છે તો વિકાસ મૉડલ પર સવાલ ઉઠાવનારાઓ માટે આ કરારો જવાબ હશે.

**આર્થિક સુધારાની તરફ પગલા વધશે**

ગુજરાતને આર્થિક પ્રદેશ પણ માનવામાં આવે છે. નોટબંધી અને જીએસટી જેવા મોટા પગલા નરેન્દ્ર મોદીએ ઉઠાવ્યા છે. જીએસટી વિરુદ્ધ ગુજરાતના વેપારીઓએ રસ્તા પર ઉતરીને પ્રદર્શન કર્યુ હતુ. આ ઉપરાંત કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી મોદી સરકારને ઘેરવા માટે જીએસટી મુદ્દો પણ બનાવ્યો છે. બીજેપીને ગુજરાતના રાજકારણીય રણ નરેન્દ્ર મોદી જીતવામાં સફળ થઈ જાય છે.

## ‘ડાઉન ટુ અર્થ’-વિજયી બને છે, ‘હવામાં ઉડતા’ ઝડપથી ધરતી પર આવી જાય છે

ગ્રીક દેશના એક ફિલોસોફર કહે છે કે સારી શરૂઆત કરવી એ બાબત અડધું કામ પૂરૂં કર્યુ બરાબર છે. કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે

લાલ બત્તી સત્તાનું પ્રતિક છે અને જેમને તેનો ઉપયોગ કરવાની છૂટ મળી છે તે અને જેમને છૂટ નથી મળી તેમની વચ્ચે ભેદભાવ સર્જે

આવતી વ્યક્તિને એટલા માટે પાછી નહીં મોકલી દેવાય.

વિશેષ અધિકારો ત્યારે જ ખતમ થાય જ્યારે કોઈપણ

રાજકીય નેતાઓને જો તેમનો મતવિસ્તાર સલામત રાખવો હોય તો તેમણે તેમના વિસ્તારની જનતા સાથે ઘરોબો કેળવવો પડે,

### લાલ લાઇટનું “કલ્ચર” સમાપ્ત થયું છે પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે

### માર્ગમાંથી પસાર થતી વખતે ટ્રાફિક અટકે નહીં તે જોવાશે તો ગાળો પડશે નહીં

મોડે મોડે ત્રણ વર્ષના શાસન પછી એક શરૂઆત કરી છે અને તે વીવીઆઈપીની સરકારી ગાડીઓ પરથી લાલ લાઈટ હટાવી દેવાની છે. કેટલાકને દુખ થયું છે પરંતુ સામાન્ય જનતા ખૂશ છે. જો કે આ નિર્ણય અધુરો હોય તેમ લાગે છે, કારણ કે લાલલાઈટ તો હટાવી પરંતુ ભારેખમ આર્થિક બોજો છે તે સલામતી વ્યવસ્થા કાયમ રાખી છે.

ગાડીની ઉપર લાલ લાઈટ હોય કે ગ્રીન લાઈટ, પીળી લાઈટ હોય કે બ્લુ લાઈટ,, લાઈટ રાખવાથી કે હટાવવાથી કોઈ ફેર પડતો નથી. ટ્રાફિક કલાકો સુધી બંધ રાખીને વીવીઆઈપી વ્યક્તિઓને સડસડાટ જવા દેવા એ ન્યાય નથી. ભૂતકાળમાં હેલ્થના ઈસ્યુ હોય તેવા દર્દીઓ હોસ્પિટલ સુધી પહોંચી શક્યા નથી. જનેતાની સુવાવડ હાઈવે પર જ થઈ ગઈ હોવાના દાખલા છે. બાળકો સ્કૂલે મોડા પહોંચ્યા છે અને ટીચરની સજા મેળવી છે, આમ છતાં ચાલો, દેર આયે દુરસ્ત આયે... લાલ લાઈટનો ભય તો ઓછો થયો છે.

છે.× લાલ લાઈટ દૂર કરવાના નિર્ણય પછી હર કોઈ આશા રાખી શકે છે કે વીઆઈપીના દરજ્જા સાથે મળતા વિશેષ અધિકારો હવે ટૂંક સમયમાં ખતમ થઈ જશે અને દરેક વ્યક્તિને દેશમાં સમાન તક મળશે. વ્યક્તિ એવી પણ આશા રાખી શકે કે ગરીબોના બાળક સારા શિક્ષણથી વંચિત નહીં રહે, કારણ કે કેટલાક વીઆઈપી ક્વોટાને કારણે સરકાર જેમને સહાય કરે છે તેવી શાળાઓમાંથી પ્રવેશ છીનવાઈ જતો હોય છે. વ્યક્તિ એવી પણ આશા રાખી શકે કે કોઈ વગદાર માણસને અગ્રતા આપવામાં આવે તેવા કારણથી દૂરના ગામડામાંથી હૃદયની ગંભીર સારવાર કરાવવા આવનાર




વીવીઆઈપી વ્યક્તિ સામાન્ય જન ની જેમ હરીફરી શકે. જો કે તે શક્ય એટલા માટે નથી કે રાજકીય નેતાઓ અને સ્પેશ્યલ વ્યક્તિને સલામતી વ્યવસ્થા પૂરી પાડવાની હોય છે. ગુજરાતનો દાખલો લઈએ તો ભૂતપૂર્વ મુખ્યપ્રધાન સ્વ. બાબુભાઈ જસભાઈ પટેલ શાસનમાં હતા ત્યારે ગાંધીનગરના સેક્ટર-૨૧ના શાકભાજી માર્કેટમાં સલામતી રક્ષકો વિના શાકભાજી ખરીદવા માટે આવતા હતા. ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન ડો. જીવરાજ મહેતા તેમના પત્નિ સાથે અમદાવાદના થિયેટરમાં ફિલ્મ જોવા જતા હતા.

### રૂપાણી ડાઉન ટુ અર્થ છે કે જેમણે ટ્રાફિકને રોકવાનો ઇન્કાર કરી દીધો હતો

અમદાવાદના ખાડીયાના પૂર્વ ધારાસભ્ય સ્વ. અશોક ભટ્ટ તેમના મત વિસ્તારમાં સારા અને નરસા પ્રસંગે અવશ્ય હાજરી આપતા હતા, એટલું જ નહીં પોળના લોકો સાથે રાત્રે ખાટલા પરિષદ કરતા હતા અને પ્રશ્નો સાંભળીને તેનો ઉકેલ લાવતા હતા. બીજી તરફ જાહેર જીવનમાં પડેલી એવી કેટલીય હસ્તીઓ છે કે સત્તાના મદમાં તેઓ મત વિસ્તારના લોકોના ટેલિફોન પણ ઉપાડવાની તેમણે તસ્દી લીધી નથી. આ વીઆઈપી લોકોને બીજી ચૂંટણીમાં મતદારોએ ઘરભેગા કરી દીધા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વીઆઈપી કલ્ચલ ખતમ કરવા હજી ઘણું બધું કરવાનું બાકી છે. વીઆઈપી કોન્વોયમાં લોકોને પડતી હાલાકી દૂર થાય તે ખૂબ જરૂરી છે. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ખુદ જાહેર કર્યું હતું કે હું જે માર્ગ પરથી પસાર થાઉં તે માર્ગમાં ક્યારેય ટ્રાફિકને રોકવો નહીં. આ એક ઉત્તમ નેતાની નિશાની છે. જે નેતાઓ ડાઉન ટુ અર્થ છે તેમને કોઈ મુસિબત નથી, પણ જે લોકો હવામાં ઉડે છે તેમને જનતા ધરતી પર લાવતા અચકાતી નથી.